
# અક્રમ યુથ




દાદા ભગવાન પરિવાર

મે - જૂન ૨૦૨૫



# સંપાદકીય

પ્રોફિટ અને લોસ એટલે કે નફો અને ખોટ અથવા ફાયદો અને નુકસાન. આ બે વિરોધાભાષી શબ્દોથી તો આપણે સહુ સુપરિચિત છીએ જ. પ્રોફિટ સહુને ગમે અને લોસ કોઈને ન ગમે. આખી દુનિયાનું લક્ષ પ્રોફિટ મેળવવાના તેમજ બની શકે ત્યાં સુધી લોસ ન જાય એવા પ્રયત્નોમાં રહેતું હોય છે. સાધારણ રીતે એવું જોવા મળતું હોય છે કે લોકો પ્રોફિટ મળે તો ખુશ થઈ પોતાની હોશિયારીના બણગાં ફૂંકે અને લોસ થાય તો દુ:ખી થઈ બીજા ઉપર તરત જ દોષારોપણ કરી નાખે.

પ્રોફિટ અને લોસનું વ્યવહારમાં ખૂબ જ મહત્વ મૂકવામાં આવ્યું છે. લોકોને નાણાકીય પ્રોફિટ અને લોસની જ સમજ છે. અને તેને જ વ્યક્તિની સફળતા કે નિષ્ફળતાની પારાશીશી ગણવામાં આવે છે. આમાં એમનો કોઈ દોષ નથી કારણ કે પ્રોફિટ અથવા લોસ થવા પાછળનું વૈજ્ઞાનિક રહસ્ય તેમને ખબર નથી. તેમજ સાચો પ્રોફિટ અને લોસ કોને કહેવાય તેનાથી પણ તેઓ અજાણ છે.

ચાલો, તમારા પ્રિય અક્રમ યુથના આ અંકમાં આપણે પ્રોફિટ અને લોસની યથાર્થ સમજણ મેળવીએ, જે તમને આ બન્ને પ્રકારના પ્રસંગોમાં ઉપયોગી નીવડશે એવી મને ખાત્રી છે.

**- ડિમ્પલભાઈ મહેતા**

# જ્ઞાની વિથ યુથ

**પ્રશ્નકર્તા :** જય સચ્ચિદાનંદ પૂજ્યશ્રી. મારે એવું સમજવું હતું કે આપણે પ્રોફિટ-લોસ શબ્દ લાઈફમાં ઘણી વાર યૂઝ કરતા હોઈએ છીએ. તો આધ્યાત્મિક દૃષ્ટિએ પ્રોફિટ-લોસ કોને કહેવો અને રૂટીન લાઈફમાં પ્રોફિટ-લોસ કોને કહેવો ?

**દીપકભાઈ :** રૂટીન લાઈફનું તો ખબર જ છે ને ? વીસ લાખ કમાયો શેર બજારમાં તો પ્રોફિટ થયો. પાંચ લાખ નાખ્યા ત્યારે તો પંદર લાખનો પ્રોફિટ થયો. એ પ્રોફિટ સમાજની દૃષ્ટિએ, રૂટીન લાઈફમાં. આધ્યાત્મિક દૃષ્ટિએ અમે એને પ્રોફિટ નથી કહેતા, **કોઈ અપમાન કરે અને મહીં સમતામાં રહ્યા તો બહુ મોટો પ્રોફિટ થયો કહેવાય** અને કોઈ અપમાન કરે ને ગાળો ભાંડે તો બહુ મોટી ખોટ કહેવાય, ધાર્યું કરે તો બહુ મોટી ખોટ ખાધી કહેવાય. અને



બધા વાંધા આવતા હોય ને ધાર્યું કરી ના શકે તો ઉપરથી ખુશ થાય કે સારું થયું મારું ધાર્યું કરવાનું છૂટ્યું, તો પ્રોફિટ થયો કહેવાય.

એટલે આધ્યાત્મિક દૃષ્ટિ આ છે. અથવા આધ્યાત્મિક દૃષ્ટિએ જેને નફો કહે છે સંસારના, તે જ્ઞાની કહેશે કે આ ખોટ, જેને ખોટ કહેશે એને અમે નફો કહીએ.



આ લોસ આવેને ધંધામાં ત્યારે ખરેખરો અવસર હોય છે જ્ઞાનમાં રહેવાનો, આત્મા તરફ વધવાનો. ત્યારે આ સંસારમાં લોસ કહેવાય પણ જ્ઞાનની દૃષ્ટિએ મોક્ષમાં પ્રોફિટ કહેવાય કે આ કર્મ છૂટ્યું નહીં તો માર પડત. લોભની ગાંઠ તૂટત નહીં અને આત્મા તરફ વળત નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે કષાય ઓછા થાય એ જ આપણો પ્રોફિટ આધ્યાત્મમાં ?


**દીપકભાઈ :** હા, એ જ આપણો નફો, બરાબર છે.

**પ્રશ્નકર્તા :** અને બીજું એવું પૂછવું હતું કે યુથને જે ખોટ જતી હોય છે રૂટીન લાઈફમાં, એ ખોટ કેવી રીતે બંધ કરવી અને પ્રોફિટ કેવી રીતે સ્ટાર્ટ કરવો ?

**દીપકભાઈ :** એટલે આધ્યાત્મિક દૃષ્ટિએ પૂછો છો કે સાંસારિક ?

**પ્રશ્નકર્તા :** બન્ને.

**દીપકભાઈ :** સાંસારિક દૃષ્ટિમાં તો એમ છે કે પુણ્યનો ઉદય હોયને ત્યારે હાથ ઘાલે ત્યાં નફો જ નીકળે અને પાપનો ઉદય હોયને ત્યારે તો જે હોય તેય જવા માંડે. એટલે ત્યારે ડાહ્યા થઈને સાચવીને સંકોચાઈને રહેવું જોઈએ. માનવું કે હમણાં રાતનો દહાડો આવ્યો છે, પાપની લિંક ચાલુ થાય છે, પૈસા ઓછા થતા જાય છે, હવે તોફાન કરવું નથી, ઊંધામાં રોકાણ નાખવું નથી. અને




આધ્યાત્મિક દૃષ્ટિએ કંઈ પણ દુઃખ આવે, **પ્રતિકૂળતા આવે, અપમાન આવે, નુકસાન આવે, આક્ષેપ આવે તો સમજવું કે આપણો અહંકાર, મોહ તોડી આપે છે એ મોટામાં મોટું મોક્ષ માટે કમાણી.**

**પ્રશ્નકર્તા :** અને તપની વાત કરીને કે તપ કરવું પડે તો પછી તપ કરવામાં અને સહન કરવામાં શું ડિફરન્સ ?

**દીપકભાઈ :** બહુ ફેર. સહન કરવું એ તો રિએકશન છે, એકજાતનું સ્પ્રિંગ દબાવ્યા જેવું. પાંચ વખત દબાવશે અને છઠ્ઠી વાર ઊછળશે. સહન કરવાનું નથી, સમાધાન લાવવું છે. કે ઓહોહો ! મેં આ ગુનો કર્યો છે ને દંડ આવ્યો છે, ચાલો હિસાબ પૂરો થાય છે, નિમિત્ત ઉપકારી છે, દોષિત નથી, મારા કર્મ છૂટે છે, મોક્ષ માટે ઉપકારી. એ સમજણથી સમાધાન લાવે ત્યારે તપ કહેવાય. દોષિત ના જોવે, બુદ્ધિ અંદર કુદાકુદ કરતી હોય, ઊંધું દેખાડતી હોય તો કહે, ના, મારે દોષ જોવા નથી, મારે કર્મ બાંધવા નથી, છૂટવું છે.

**પ્રશ્નકર્તા :** જય સચ્ચિદાનંદ પૂજ્યશ્રી.


જે જાણીબૂજીને છેતરાય
તે મોક્ષનો અધિકારી !

# ખોટ ઘટાડવી...
# નફો વધારવો



**પ્રશ્નકર્તા :** યૂથ લેવલે પ્રોફિટ અને લોસ આધ્યાત્મિક દૃષ્ટિએ કોને કહેવાય ?

**આપ્તપુત્ર :** આધ્યાત્મિક દૃષ્ટિએ પ્રોફિટ એટલે યૂથ લેવલે કુસંગથી દૂર રહેવું, ચિત્તને બગાડનારી વસ્તુઓથી દૂર રહેવું, કામ વગરનો ફોનનો ઉપયોગ ના કરીએ એ યૂથનું આધ્યાત્મિક પ્રોફિટ કહેવાય. આ ઉપરાંત તમે સત્સંગના ટોળામાં રહો, કે કોઈ યૂથ સેન્ટરના ટચમાં રહો તો તમે આધ્યાત્મિક પ્રોફિટ થાય. અને તમે તમારા ચિત્તને કોઈ નકામી બાબતમાં બગાડો નહીં અને કોઈ ચિત્ત ભટકાવે તેવી વ્યક્તિનો સંગ થાય તો તેનાથી કામ પૂરતી વાત કરીને પોતાનું કામ કઢાવી લેવું. અથવા તો આવા ચિત્ત ભટકાવતા વ્યક્તિઓથી દૂર રહવું.

**પ્રશ્નકર્તા :** યૂથના આધ્યાત્મિક પ્રોફિટને હજી કઈ રીતે વધારી શકાય ?

**આપ્તપુત્ર :** હા, આધ્યાત્મિક પ્રોફિટને વધારવા તમારે તમારા ચિત્તને ભટકાવતા કામ જેમ કે ફોનમાં વધારે ગેમ ન રમવી. આ ઉપરાંત કોલેજ અથવા સ્કૂલમાં તમારા મિત્રવર્ગમાં કોઈ તમારી સાથે વિષયની વાત કરે તો તેનાથી દૂર રહેવું. અથવા તેને એમ કહેવુ કે આ બધી વાતમાં મને કોઈ રસ નથી. અને શક્ય એટલી દાદાની સેવા કરવી અને સેવામાં તમારું ચિત્ત ચોંટાડી રાખવું.

**પ્રશ્નકર્તા :** એટલે યૂથ લેવલે આધ્યાત્મિક પ્રોફિટ ફક્ત કુસંગો અને વિષયોથી દૂર રહીને મેળવી શકાય છે ?

**આપ્તપુત્ર :** હા, કુસંગમાં રહેવું એ આધ્યાત્મિક લોસ છે. અને તમને આ ખબર પડતી હોય તો આ તો વ્યવહારિક લોસ તો છે જ પણ આધ્યાત્મિક મોટો લોસ છે. જેના કારણે આત્મા ઉપર કેટલાક આવરણો આવે છે. આ ઉપરાંત તમે કોઈની સાથે કંઈ ખોટું કરો અથવા ખોટું કરવાનું વિચારો તો પણ તે યૂથ માટે આધ્યાત્મિક લોસ છે.

**પ્રશ્નકર્તા :** એટલે કોઈ સાથે કોઈ પણ પ્રકારનું ખોટું કરવું અથવા કોઈને દુ:ખ આપવું એ મારા જેવા યૂથનો આધ્યાત્મિક લોસ છે ?

**આપ્તપુત્ર :** હા, આ બધા યૂથ માટે લોસ જ છે.

**પ્રશ્નકર્તા :** તો આ આધ્યાત્મિક દૃષ્ટિ એ થતા લોસને અટકાવવા માટે અને પ્રોફિટ વધારવા શું કરવું જોઈએ ?

**આપ્તપુત્ર :** આ લોસને અટકાવવા અને પ્રોફિટ વધારવા માટે તમારી પાસે બે રસ્તા છે. **[૧]** સત્સંગના ટોળામાં રહેવું અથવા આપ્તપુત્ર કે આપણા જેવા યૂથના ટોળામાં રહેવું કારણ કે તમે જોઈ જોઈને સમજશો અને શિખશો. જેથી તમે તમારા આધ્યાત્મિક પ્રોફિટ થશે. **[૨]** તમે સેવામાં જોડાઈ જાવ, જો તમે દિલથી સેવા કરશો તો તમારું આ આધ્યાત્મિક દૃષ્ટિએ પ્રોફિટ થશે.







# જાણીજોઈને છેતરાવું

બદલાતી આ દુનિયામાં રોજ રોજ નવું કંઈક જાણવા મળે. નવી શોધખોળ થાય અને આ દુનિયામાં કંઈક નવું ઉમેરાય. કેટલાંક સાધનો અપગ્રેડ થાય તો કેટલાંક નવા ઉમેરાય. દુનિયામાં સાધનો બદલાય અને મનુષ્યની જિંદગી એ સાધનો ભોગવવા કે એ સાધનોની ઉપયોગિતામાં કૂદી પડે. રોજની ઉમેરાતી એક નવી લક્ઝરી કહીએ તો પણ ચાલે. બાળકો અને યુવાનો આ બદલાવ જોઈ કુતુહલતાથી એ વસ્તુઓના ઉપયોગ તરફ દોરાય. એમની ઈચ્છાઓ વધે. પોતાની પાસે એવું આધુનિક સાધન હોય તો કેવું સારું ?

એવી જ કુતુહલભરી દુનિયામાંનું એક બાળક હતું. ખૂબ જિજ્ઞાસુ, બુદ્ધિશાળી એટલે એને ખૂબ પ્રશ્નો થાય. એ હેમિલ નામનું બાળક ધીરે ધીરે મોટું થયું. બ્લેક એન્ડ વ્હાઈટ ટી.વી. જોતાં જોતાં એ આજે રંગીન ટી.વી. જોઈ રહ્યું હતું અને ક્યારે એ રંગીન ટી.વી. 4K થી 8k થઈ ગયું. કાળા ફોનના ડબ્બા મોબાઈલ થઈ ગયાં. પરિણામે નેટ, વાયફાયએ ફોનની દુનિયા બદલી નાખી. હવે હેમિલને સમયની સાથે પ્રશ્નો ઓછાં થતા હતા. પણ સતત પૈસાની ગરજ અને સમયની દોડમાં એના માનમાં બીજાં વિચારોનું વંટોળ ચાલુ રહેતું. નેગેટિવિટી એને ઘેરી લેતી.

એક દિવસે હેમિલ અને એનો મિત્ર બન્ને મોટરસાઈકલ ઉપર કોલેજ જતા હતા ત્યારે અચાનક મિત્રે મોટરસાઈકલને બ્રેક મારી અને રસ્તાની વચ્ચે ઊતરી જવા કહ્યું અને બીજી કોઈ પણ વાત કર્યા વગર ફરર..... નીકળી ગયો. હેમિલ અવાચક બની જોઈ રહ્યો. એને ખૂબ ગુસ્સો આવ્યો. આખરે ગુસ્સામાં ને ગુસ્સામાં કોલેજ પહોંચ્યો.

સાંજે ઘરે આવ્યો ત્યારે હેમિલની મમ્મીએ એને બજારથી કેટલીક વસ્તુઓ લઈ આવવા કહ્યું. બજારેથી પાછો આવ્યો ત્યારે એક-બે વસ્તુ લાવવાનું ભૂલી ગયો અને જે વસ્તુ સસ્તી મળતી હતી તે મોંઘા ભાવે લઈ આવ્યો. પૈસાની ગણતરી કરી ત્યારે ખબર પડી છેલ્લા દુકાનદારે પૈસા પાછા નહોતા કર્યા.

બસ, પછી ચાલ્યું નેગેટિવ ચકકર. વિચારોમાં ક્યારે બે-ત્રણ કલાક નીકળી ગયા એને ખબરના પડી. પણ એક વિચાર એને સતાવી રહ્યો હતો કે આજકાલ ઘણા સમયથી કેમ એની સાથે આવું થાય છે ? કોઈ પણ કામ કે સંબંધમાં કેમ ખોટ વર્તાય છે ? કોઈ પોઝિટિવ એની સાથે થતું નથી, એવું એને થયાં કરે. પોતે સાવ પપ્પુ નથી ને ? એવો વિચાર પણ એના ઉપર હાવી થઈ ગયો. હવે કુતૂહલ વશ થતા પ્રશ્નો એને નેગેટિવિટી તરફ લઈ જતા હતા. કેટલાંક દિવસોથી મિત્રો પણ એને ટાળતાં હોય એવું લાગ્યું. એનું મગજ હવે ભમવા લાગ્યું હતું.

એક દિવસ કોલેજ રિક્ષામાંથી ઊતરતાં રિક્ષાવાળા સાથે પૈસાની બાબતમાં રકઝક થઈ, રિક્ષાવાળાએ દસને બદલે વીસ રૂપિયાની નોટ લઈ રિક્ષા દોડાવી દીધી. રિક્ષાવાળો પણ હવે એને છેતરી ગયો. પાછું મગજ વિચારે ચડ્યું અને પેલાં દુકાનવાળાએ પૈસા પાછા ન આપી ખુદને છેતર્યો હતો. એ વિચારે ચડ્યો અને મોટરસાઈકલવાળા મિત્ર પ્રણવ જોડે ભટકાયો. પરંતુ એની અનદેખી કરી કોલેજ તરફ ચાલતો રહ્યો. થોડીક ક્ષણોમાં પ્રણવ એની પાસે પહોંચ્યો.



**પ્રણવ :** અરે યાર, તે દિવસનો ગુસ્સો હજુ તને સતાવે છે ? સોરી યાર, તે દિવસે પપ્પાએ મને એક અગત્યનું કામ સોંપેલ હતું અને તેની સમયની લિમિટ હતી, તેથી મેં તને રસ્તા ઉપર અધવચ્ચે ઉતારી મોટરસાઈકલ હાંકી મૂકી હતી. મારે એવું નહોતું કરવું, પણ સોરી યાર.

**હેમિલ :** ચાલ, સોરી. તને માફ કર્યો. પણ યાર. આજકાલ મને જે મળે છે એ છેતરી જાય છે. ખબર નથી પડતી કે મારી શું ભૂલ થાય છે. મમ્મી ખિજવાય, પપ્પા પણ... અરે, દુકાનવાળા તો હદ થઈ ગઈ. આજે તો આ રીક્ષાવાળો... દસને બદલે વીસ રૂપિયા લઈ ગયો બેટો... બધે નુકસાન નુકસાન લાગે છે. ફાયદો તો કોઈ આપી જ ના શકે ?

**પ્રણવ :** અરે યાર, આ તો ફાયદો છે, નુકસાન નથી. એક કામ કરીએ આજે કોલેજ પછી તું મારે ત્યાં આવ. હું તને પિક-અપ કરીશ. ઘણા દિવસથી આપણે મન ભરીને વાતો પણ નથી કરી. મજા આવશે.



**દીપકભાઈ :** મેં નાનપણથી જ નક્કી કરેલું, છેતરાઈને બધાને સુખ આપીએ. તો એ રસ્તો સારો છે. આગળ જતા વીતરાગોની વાત જડી કે આ પુદગલ ભેલાડી દેવાનું છે, આપણે ઉઠાવી લાવેલા છે. એ લોકો લઈ જતા હોય તો ભલે ઉઠાવી જતા. આપણને આત્મશક્તિ આપી પુદગલ લઈ જાય છે. આપણી આત્મશક્તિ પ્રગટ થાય છે. આધ્યાત્મિકમાં ખોટ જતી નથી રિલેટિવ ફેંકી દેવાનું હતું, ભેલાડી દેવાનું હતું. એક અવતારનો હિસાબ લઈને આવેલાં છે, તે વધવાનો નથી કે ઘટવાનો નથી. એટલે અમે જાણીજોઈને છેતરાતા હતા. એ તીર્થંકરોનો કાયદો છે. પુદગલ પુદગલનો હિસાબ પૂરો થાય છે. દાદા ધોતીનો જોટો લેવા જતા પણ દુકાનદાર સોળને બદલે અઢાર રૂપિયા માગે, તો દાદા હોંશે હોંશે આપી છેતરાઈ જતા.

**પ્રશ્નકર્તા :** યૂથને માટે જાણીજોઈને છેતરાવું શક્ય છે ?

**દીપકભાઈ :** છે ને, એટલે રિક્ષામાં બેઠા હોઈએ, ટેક્સીમાં બેઠા હોઈએ, આપણને લાગે પાંત્રીસ થયા છે અને એ કહે પચાસ આપો. તો ક્યા કરેંગે ? શું કરવું ? એટલે આપણે ધીમેથી કહેવું કે રિક્ષાવાળો પંદર રૂપિયામાં બંગલો બાંધશે ? કે પંદર રૂપિયામાં આપણી ખુમારી જતી રહેશે ? એટલે આપણે જાણીજોઈને, સમજીને પંદર રૂપિયા વધારે આપી દેવાના. બહુ કચકચ નહીં કરવાની. બોલો દુકાનમાં ત્રણ હજારનો માલ વેચેને તો ચાલીસ ટકા પ્રોફિટ હોય છે એને. આમ ખુશી થાય કે સારો માલ મળી ગયો કહે છે ! એટલે પાંત્રીસને બદલે પચાસ લેતો હોય તો લઈ લેવા દેને. એવું જ્યાં જ્યાં પોસિબલ હોય તે જગ્યાએ છેતરાતા જાવ. તો બોલો કેટલાય આપણા અંતરાય તૂટશે.

**પ્રશ્નકર્તા :** પણ જનરલી છેતરાયા પછી ફ્રેન્ડ્સ બધા કહેતા હોય છે કે આવી બાબતમાં છેતરાઈ ગયો ? તારામાં બુદ્ધિ નથી.

**દીપકભાઈ :** હા હા, એ કહેવાનો મને આનંદ થાય છે કે છેતરાવામાં પેલો એટલો ખુશ થાય છે ને, દાદા જતા તે વર્ષો પહેલાની વાત, તે જમાનામાં અઢાર કે સોળ રૂપિયાનું ધોતયું હોય. સોળ રૂપિયાનો જોટો પડે, તે પછી દાદા આવેને તો આવો શેઠ, આવો શેઠ, કરીને બેસાડે. પછી કહેશે કે અઢાર રૂપિયાનો ભાવ છે. દાદા સમજે કે બે રૂપિયા વધારે ભાવ કહે છે. જાણીજોઈને આપતા હતા. એ જાણીજોઈને આપે ને એમાં એ કેટલો ખુશ થઈ જાય ! અડધો કપ ચા પિવડાવે, સાહેબ સાહેબ કરે. બોલો એ છેતરેય છે અને કેટલું માન પણ આપે છે આપણને. બોલો આ બે રૂપિયામાં આપણી કંઈ ખોટ જવાની નથી. આપણા પુણ્યના હિસાબની લક્ષ્મી ક્યાંય જવાની નથી. એને કેટલું સુખ થયું, આનંદ થયો અને હું મોક્ષ માટે મુક્ત થયો. મને મોક્ષમાર્ગમાં આગળ વધવાનું થયું. સંસારમાંથી છૂટ્યો એટલો. લોકો બે રૂપિયા માટે ઝગડા કરે ખરા ?

**પ્રશ્નકર્તા :** હા.


**દીપકભાઈ :** પણ એ કષાય, બસ્સો રૂપિયાનું નુકસાન કરે છે અને બે રૂપિયા માટે કકળાટ કરે છે. એટલે દાદા કહે કે અમે બે રૂપિયા જતા કરીએ અને આત્માની કમાણી કરી લઈએ.

**પ્રશ્નકર્તા :** તો અમારાથી કોઈને દુઃખ ના થાય એ જ કમાણી છે ને ?

**દીપકભાઈ :** હા, દુઃખ ના થાય, કોઈના દોષ ના જોઈએ, કોઈને કર્તા ના જોવો. નિર્દોષ જોઈએ અને શુદ્ધાત્મા જોઈએ તો ખરેખરી કમાણી થશે.

સત્સંગ પૂરો થયો અને હેમિલને એના પ્રશ્નોનું નિરાકરણ થયું. સત્સંગની વાત કરતા કરતા પ્રણવ હેમિલને ઘરે મૂકવા ગયો.

# મહાન પુરુષોની ઝાંખી



## મધર ટેરેસા

મધર ટેરેસાનો જન્મ 26 ઓગસ્ટ 1910 ના રોજ સ્કોપજેમાં (મેસેડોનિયા) થયો હતો. એવું માનવામાં આવે છે કે જ્યારે તે માત્ર બાર વર્ષના હતા, ત્યારે જ તેમણે નક્કી કર્યું હતું કે તે તેનું આખું જીવન માનવ સેવામાં વિતાવશે.

મધર ટેરેસા 6 જાન્યુઆરી, 1929ના રોજ કલકત્તામાં આયર્લેન્ડથી 'લોરેટો કોનવેન્ટ' આવ્યા હતા. આ પછી મધર ટેરેસાએ પટનાની હોલી ફેમિલી હોસ્પિટલથી નર્સિંગની આવશ્યક તાલીમ પૂર્ણ કરી અને 1948માં કલકત્તા પરત આવ્યા. 1948માં તેમણે બાળકોને ભણાવવા માટે એક શાળા ખોલી અને પછી 1950માં 'મિશનરીઝ ઓફ ચેરિટિ' ની સ્થાપના કરી, જેને 7 ઓક્ટોબર 1950ના રોજ રોમન કેથલિક ચર્ચ દ્વારા માન્યતા મળી. જે ટ્રષ્ટ હજી પણ લાચાર અને અનાથ લોકોને ટેકો આપે છે.



# માનવતાવાદી કાર્ય

**1. ગરીબો માટે સેવા :**

મધર ટેરેસા માનતા હતા કે ભગવાન ગરીબો અને દુ:ખી લોકોમાં વસે છે. તેઓ માર્ગ પર રહેતા લોકોને પોતાના આશ્રમમાં લાવીને, તેમની નિઃશુલ્ક સારવાર કરાવતા, તેમને કપડાં, ભોજન અને રહેઠાણ આપતા. તેમના દ્વારા 'નિર્મલા શિશુ ભવન' આશ્રમ ખાસ અનાથ અને બેઘર બાળકોને મદદ કરવા માટે સ્થાપવામાં આવ્યો હતો.

**2. કુષ્ટરોગીઓ માટે કાર્ય**

તેમણે એવા સમયગાળામાં કુષ્ટરોગીઓ માટે આશ્રમ શરૂ કર્યાં જ્યારે સમાજ કુષ્ટરોગીઓની નજીક જવાનું પણ સ્વીકારતો નહતો. આવા લોકોને તેઓ પ્રેમપૂર્વક સારવાર આપતા અને પુનઃજીવન માટે આશા જગાડતા. ગરીબ રોગથી પીડિત દર્દીઓની અને બાળકોની સારવાર માટે તેમણે 'નિર્મળ હૃદય' આશ્રમ ખોલ્યો.

**3. અનાથ બાળકો માટે આશ્રમ**

મધર ટેરેસાએ અનેક બાળકોને જીવદાની આપી હતી. તેવો રસ્તાઓ પર મળતા બાળકોને આશ્રમમાં રાખીને, તેમનો ઉછેર અને શિક્ષણ આપતા. જેમની સાથે કોઈ નહતું, તેમને પરિવાર જેવી લાગણી આપતા.

### 4. વૃદ્ધો માટે આશ્રમ

વૃદ્ધ આશ્રમોમાં તેઓ એવા વૃદ્ધોને રાખતા જેમના બાળકો અને પરિવારજનોએ તેમને ત્યજી દીધા હોય. અહીં તેઓ માનવ સન્માન સાથે જીવન જીવતા હતા.

મધર ટેરેસાના કાર્ય પાછળના મૂલ્યો હતા - કરુણા, અહિંસા, નમ્રતા અને નિઃસ્વાર્થતા. તેઓ કહેતા કે "Not all of us can do great things, but we can do small things with great love."

("આપણે બધા મહાન કામ કરી શકતા નથી, પરંતુ આપણે નાના કાર્યોને પ્રેમથી કરી શકીએ છીએ.")



# સન્માન અને પુરસ્કારો

મધર ટેરેસાને તેમની માનવતાની સેવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ નામના અને એવોર્ડ મળ્યા છે.

- 1962માં, ભારત સરકારે તેમની સમાજસેવા અને લોકકલ્યાણની પ્રશંસા કરીને 'પદ્મશ્રી એવોર્ડ'થી નવાજ્યા હતા.
- 1980માં, દેશનો સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારતરત્ન' થી નવાજવામાં આવ્યો.
- વિશ્વભરમાં ફેલાયેલા મિશનરી કાર્યને કારણે તથા ગરીબ અને અસહાય લોકોને મદદ કરવાને કારણે મધર ટેરેસાને 1979માં 'નોબલ શાંતિ પુરસ્કાર' એનાયત કરાયો હતો.

મધર ટેરેસાને જ્યારે 1979માં નોબલ શાંતિ પુરસ્કાર એનાયત કરાયો હતો ત્યારે ઈનામની રકમ લેવાનો ઈનકાર કરી દીધો હતો અને કહ્યું હતું કે તે રકમ ભારતના ગરીબ અનાથ લોકોને દાનમાં આપવામાં આવે.



## અચિવમેન્ટ્સ

- મધર ટેરેસાના મિશનરીઝ એસોસિએશને 1996 સુધીમાં લગભગ 125 દેશોમાં 755 'નિરાધાર ઘરો' ખોલ્યા, જેમાં લગભગ ૫ લાખ ગરીબ લોકોને જમવાનું પૂરું પાડવામાં આવતું. મધર ટેરેસાએ 'નિર્મલ હૃદય' અને 'નિર્મલા શિશુ ભવન' ના નામથી સંન્યાસની શરૂઆત કરી.
- તેમના મૃત્યુના સમય સુધીમાં, મિશનરીઝ ઓફ ચેરિટિ પાસે 4,000 બહેન અને 300 અન્ય આનુષંગિકો હતા, જેઓ વિશ્વના 123 દેશોમાં સમાજ સેવામાં ભાગ લેતા હતા.
- પોપ જ્હોન પાલ બીજાએ 19 ઓક્ટોબર 2003ના રોજ રોમમાં મધર ટેરેસાને 'આશીર્વાદ' જાહેર કર્યો હતો. મધર ટેરેસા આજે આપણી વચ્ચે નથી, પરંતુ તેમના મિશનરી આજે સામાજિક કાર્યમાં પણ વ્યસ્ત છે.
- 2013ના એક અહેવાલ મુજબ મિશનરીઝ ઓફ ચેરિટી શાખાઓએ એકસો ત્રીસ દેશોમાં સાતસો મિશન ખોલ્યા છે.

5 સપ્ટેમ્બર 1997ના રોજ મધર ટેરેસાનું અવસાન થયું. તેમના જીવનમાંથી એક મોટો પાઠ એ છે કે સમાજમાં પરિવર્તન લાવવું હોય તો મોટા સ્તરે શરૂઆત કરવાની જરૂર નથી, પરંતુ નાના કાર્યો પણ પ્રેમથી કરવાથી મોટું પરિવર્તન આવી શકે છે.



# દાદાશ્રીના પુસ્તકની ઝલક

**દાદાશ્રી :** હું તો છેતરાવામાં સુખ માનતો હતો. શું માનતો હતો ?

**પ્રશ્નકર્તા :** છેતરાવામાં સુખ માનતા હતા.

**દાદાશ્રી :** છેતરાવામાં બહુ સુખ કહેવાય. હું તો એમ જ માનતો કે છેતરાવાનું મળે ક્યાંથી આપણને ? બહુ પુણ્ય હોય તો આપણને છેતરનારું મળે ! છેતરનાર મળે એટલે આપણે જાણવું કે બહુ પુણ્યશાળી છીએ આપણે ! આ કાળમાં જ છેતરનારા મળ્યા. પહેલા તો આપણે બાધા રાખીએ તોય છેતરનારા નહોતા મળતા. એટલે પછી હું તો દુકાને જઈ ઊભો રહું. તે ભાવ પૂછું નહીં. હું સમજુય ખરો કે આ બે રૂપિયા વધારે લેશે. પણ મેં કહ્યું, 'એની મૂર્ખાઈ પર હું શું કરવા ભાવ પૂછ્યા કરું ? એને સંતોષ થાય છે ને બિચારાને !'"અંબાલાલભાઈ આવ્યા તો મને બે રૂપિયા કમાવવા લાગ્યા ને !' મેં કહ્યું, 'ભલે કમાશે. આપણે કંઈ ગરીબ થઈ જવાના નથી.' સ્વભાવ જેનો ગરીબ એ ગરીબ. પણ હું કોઈ દહાડો એવું નથી બોલ્યો કે તારા વધારે ભાવ છે. એનો અર્થ જ નહીં. એ બિચારો કેટલા પ્રેમથી બોલાવે છે ! એ જાણે છે કે અહીં કંઈક મળશે ! અને ના મળે ત્યાર પછી એના મનમાં એમ થાય કે આ સારા માણસ આવ્યા તોય કંઈ મળતું નથી. પાછું આમ (એક્શન) કરે. એવું પાછળથી કરવાનો વારો હું લાવું નહીં. છેતરાઈને આવું. નિરાંતે છેતરાઈને આવો, તો રોફ પડે આપણો.

**પ્રશ્નકર્તા :** નિરાંતે છેતરાઈને આવો, આ તો બહુ અજબ વાત કહેવાય !

**દાદાશ્રી :** હું તો છેતરાવામાં બહુ સુખ માનતો હતો. અમે દરેક છેતરનાર પાસે છેતરાયેલા છીએ. કોઈ દહાડો હું છેતરાયા વગર ના રહું. એ જે છેતરવાની

ઈચ્છા રાખતો હોયને, તો હું જાણે ભોળો છું એવું દેખાડો કરીને પણ એની પાસે છેતરાઈ જઉં. પણ એ હું ઊઠું ત્યારે કહે, 'ફરી આવજો હો, ફરી આવજો. આ દુકાન તમારી જ છે.' અલ્યા મૂઆ, આટલા હારુ તું 'અમારી દુકાન' કહું છું આ ! આ મારે જ્ઞાન નહોતું ત્યારે લોકો કહેતા'તા. બે રૂપિયા છેતરાઉં વખતે ધોતિયાના જોટામાં, તો એ ખુશ ખુશ. 'આ દુકાન તમારી જ છે', કહે. મૂઆ, આટલામાં બે રૂપિયા હારુ આવું ! પાછો ચાનો પ્યાલો પાય બળ્યો, તે જુદો. હવે એક કે બે રૂપિયા વધારે લઈ જાય, પણ એને ઊંઘ કેવી સરસ આવે. કહેવું પડે આજ ઘરાક જોઈને, તમારું મોઢું જોયુંને, તો મને આનંદ થયો કહે છે. અને કેટલાકને કહે, 'તમે ક્યાં આવ્યા અમારે ત્યાં ? અમારો આજનો આખો દહાડો નકામો જશે.



પ્રશ્નકર્તા : દાદા, જાણીજોઈને છેતરાઈએ તો છેતરાયા ના કહેવાઈએ.

**દાદાશ્રી :** તે હું આખી જિંદગી જાણીજોઈને છેતરાયેલો ! એ જાણે કે અંબાલાલકાકા રાજા જેવા છે, ઓલિયા છે. હું જાણીજોઈને જ છેતરાયેલો આખી જિંદગી, નાનપણમાંથી. મને એમાં ટેસ્ટ આવી ગયેલો, કે એને જતી વખતે આનંદ થાય છે ને ! નહીં તો મોઢું બગડી ગયેલા મેં જોયેલા. એટલે પછી મેં ફેરફાર કરેલો. મેં કહ્યું, આ બળ્યા મોઢા બગડી જાય છે એના, જતી વખતે. 'આવજો'ય ના કહે આપણને, 'આવજો' કહેવાય ના આવે ! અને ઊલટો મનમાં વિચાર કરે, કે 'આજ કોનું મોઢું જોયું હતું, તે આ ભેગા થયા !' અલ્યા મૂઆ, અમે કંઈ કાળમુખા છીએ ?

# QUIZ

ચાલો મિત્રો શું તમે રિયલ લાઈફમાં કમાણી કરો છો કે ખોટમાં જાવ છો ? ચાલો જોઈએ,,,,,,,



**1. તમને રસ્તામાં પડેલા પૈસા મળ્યા.**

a. "જેને મળ્યા એના" સમજીને રાખી લીધા.

b. જેના હતા તેને શોધી પાછા.

c. મંદિરમાં દાન આપી દીધા.

d. કો'કને આપી દીધા.

**2. ફ્રેન્ડ જોડે ઝઘડો થયો.**

a. તમે એને હારવાનો પ્રયત્ન કર્યો.

b. તમે એનાથી ભેદ પાડી દીધો.

c. ઝઘડા પછી સોલ્યુશન ના લાવ્યા.

d. પોતે એડજસ્ટ થઈ ઝઘડો ટાળ્યો.

**3. મમ્મીએ ભાવતું જમવાનું ના બનાવ્યું.**

a. તમે જમવાના ટેબલ પરથી જતા રહ્યા.

b. મમ્મી જોડે ઝઘડો થયો.

c. જમ્યા પછી ઓનલાઈન ભાવતું જમવાનું મંગાવ્યું.

d. ક્યારેક જ ના ભાવતું બનાવે છે તેવું સમજી શાંતિથી જમી લીધું.

**4. તમારું હોમવર્ક ન કરવા બદલ શિક્ષકે તમને ઠપકો આપ્યો.**

a. બહાના બનાવ્યા અને બીજાને દોષી ઠેરવ્યા.

b. જવાબદારી સ્વીકારી અને આગામી સમયમાં વધુ સારું કામ કરવાનું વચન આપ્યું.

c. શિક્ષકની અવગણના કરી અને હોમવર્ક ન કરવાનું ચાલુ રાખ્યું.

d. આવું તો ચાલ્યા જ કરે.

**5. મમ્મી તમને તમારો રૂમ સાફ કરવાનું કહે છે.**

a. તેમની વિનંતીને અવગણી અને તમારા રૂમને અવ્યવસ્થિત છોડ્યું.

b. મમ્મી સાથે જૂઠું બોલી રૂમની સફાઈ ના કરી.

c. કહ્યા પ્રમાણે તમારો રૂમ સાફ કરી દીધો.

d. મમ્મી કાયમ ખોટી કચકચ કરે છે એમ વિચારી જવા દીધું.

**6. તમારા માતાપિતા તમારી કરિયરની પસંદગી સાથે અસંમત છે.**

a. તેમની ચિંતાઓને અવગણો અને કોઈ પણ રીતે તમારી પસંદ કરેલી કારકિર્દીને આગળ ધપાવો.

b. તેમના વ્યૂ સમજી શાંત ચર્ચા કરો.

c. તમારા માતા-પિતાને ખુશ કરવા તમારી કારકિર્દીની યોજનાઓ બદલો.

d. બળવો કરો અને તેમની સાથે તમારી કારકિર્દી યોજનાઓની ચર્ચા કરવાનો ઈનકાર કરો.

**7. તમારા માતા-પિતા તમને જૂઠું બોલતા પકડે છે કે તમે ગઈકાલે રાત્રે ક્યાં હતા.**

a. તમારી ભૂલ સ્વીકારો અને નિષ્ઠાપૂર્વક માફી માગો.

b. મુશ્કેલીમાં ન આવવા માટે મિત્રને દોષ આપો.

c. સત્યને ઢાંકવા માટે બીજું વધારે જૂઠું બોલો.

d. તેમના પ્રશ્નોને અવગણો અને વાતચીત ટાળો.



સાચા જવાબ :1-b, 2 -d, 3-d, 4 -b, 5-c, 6-b, 7-a

# કવિતા

ખોટો દીઠો નફો અને ખોટી દીઠી ખોટ...
એ ખરી ખોટ, જે અધ્યાત્મમાં કરે ચોંટ...

યૌવને કુસંગથી છેટા, ને જ્ઞાનીને પાસ...
એથી મોટો નફો નહીં, રાખ વિશ્વાસ...

મન નહીં મેલું, ચિત્ત નહીં કાજળ કાળું...
પોતાનું જીવન કર્યું છે, એણે ખરું રૂપાળું...

જગે પદ-પૈસા, ન્હોય ખરા નફાના આંક...
કેટલીવાર રાજા, કેટલીવાર થયા રાંક...

પ્રતિકૂળતાના સંજોગ, જે જ્ઞાને પચાવે...
જ્ઞાની પુરુષ તેને, ખરેખરો નફો સમજાવે...

બહારની ખોટમાં, જો શોધી લે નફો મહીં...
એને ક્યારેય પછી, ખરી ખોટ જાય નહીં...

દાદાના યુવાનો દ્વારા